Synopsis

ૐ

અર્વાચીન ગુજરાતી કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતિબિંબ
ઇ. સ. ૧૮૪૫-૧૯૪૭.
રૂપરેખા: સીનોપ્સીસ.

## પ્રકરણ. ૧.

"રાષ્ટ્ર તથા રાષ્ટ્રીય અસ્મિતા": રાષ્ટ્રનો અંગ્રેજી નેશન શબ્દના પર્યાયરૂપે જે અર્થ કરવામાં આવે છે તે આધુનિક છે. રાષ્ટ્ર એટલે સિધ્ધ અથવા આકાંક્ષિત સ્વરૂપના રાજકીય સાર્વભૌમત્વવાળો કોઇ દેશ. રાષ્ટ્રના પાયામાં પ્રજાનો એકતાનો મનોભાવ તથા "અમે રાષ્ટ્ર છીએ" એવી પ્રજાકીય સમાનતા રહેલા હોય છે. દેખીતી વિભિન્નતાઓ વચ્ચે પણ ભૂતકાળમાં ભારત એક રાષ્ટ્ર—એના સાંસ્કૃતિક અર્થમાં બની શક્યું હતું.

દેશને અખંડ સ્વરૂપમાં જોવો તથા પ્રજાહિતને લક્ષમાં લેવું એ રાષ્ટ્રીય અસ્મિતાનું લક્ષણ છે. રાજકીય સ્વતંત્રતા, આર્થિક સ્વાવલંબન, સામાજિક સમાનતા તથા સાંસ્કૃતિક સમુન્નતિ સિધ્ધ કરવાના પ્રજાકીય પુરુષાર્થમાં રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રગટીકરણ જોઇ શકાય.

## પ્રકરણ ૨.

"૧૯મી સદીના ઉત્તરાર્ધનું ભારત તથા ગુજરાત: ભૂમિકા": અંગ્રેજોને ઉદ્દિષ્ટ ન હોવા છતાં એમની એકચક્રી શાસનવ્યવસ્થામાં ગૂંથાયેલા ભારતમાં રાષ્ટ્રવાદનો જન્મ થયો.

અંગ્રેજોએ દેશમાં શાંતિવ્યવસ્થા તથા કાયદાનું રાજ્ય સ્થાપિત કર્યું. અરાજકતામાંથી તંત્રની સુદૃઢ વ્યવસ્થા ઉપજાવી આપી. અંગ્રેજ રાજ્ય ઉપરની લોકોની શ્રધ્ધા એથી દૃઢ બની. અંગ્રેજ સલ્તનત સામે નાનોમોટો અસંતોષ રહેતો હોવા છતાં, ૧૯મી સદીના કવિઓ અને રાજકીય આગેવાનોનું એકંદર વલણ અંગ્રેજતરફી રહ્યું છે. કેમકે, બ્રિટિશરાજ્ય ભારત માટે એમને હિતકર જણાયું છે. ભારતમાં તેમ ગુજરાતમાં, મોગલો-મરાઠાઓ કરતાં અંગ્રેજો સાપેક્ષ રીતે સારા લાગતા હતા તે અહીં નોંધવું જોઇએ. લોકોમાં સ્વરાજ્યની ભાવના સ્પષ્ટ નહોતી થઇ. એમને જોઇતું સુરાજ્ય અંગ્રેજ અમલના પ્રારંભના તબક્કાઓમાં એમને પ્રાપ્ત થઇ ગયું હતું.

ભારતના જીવનના હરેક ક્ષેત્રે નવજાગૃતિનો પ્રારંભ થયો હતો.

## પ્રકરણ. ૩.

"દલપતરામ": દલપતરામની વિચારસરણિ એમના પ્રકૃતિગત બંધારણથી એક ઠરેલ ઠાવકા કવિની હતી. અંગ્રેજોએ બસેલા સુદૃઢ રાજ્યતંત્રની અનિવાર્યતા એમને તથા અન્ય કવિઓને એવી તીવ્રપણે પ્રતીત થઇ હતી કે અંગ્રેજોનું ઋણ સ્વીકારીને અંગ્રેજપ્રશસ્તિ કર્યા સિવાય એ સૌને ચાલે તેમ નહોતું. દલપતરામની રાજભક્તિ એ જ એમની રાષ્ટ્રભક્તિ. ૧૯મી સદીની કવિતામાટે આ બન્ને શબ્દોને ખુશીથી પર્યાયો તરીકે ગણી શકાય એમ છે. પ્રજાહિતચિંતાનો સૂર દલપતરામની કવિતામાંથી સતત પ્રગટેલો છે.

## પ્રકરણ. ૪.

"નર્મદ": સંસારસુધારાકાળની કવિતાનો રાષ્ટ્રીય અસ્મિતાનો એક પ્રમુખ ઉદ્ગાતા નર્મદ છે. દેશપ્રેમની લાગણી એના હૃદયની એક સાચી તલસ્પર્શી લાગણી છે. નર્મદમાં અર્વાચીન યુગનાં મંડાણ કરવાં મથતા એક

દૈષ્ટાની છટા દેખાય છે. ધીર દલપતરામ અને વીર નર્મદ વચ્ચે માનસભેદ ભલે દેખાય, પરંતુ બન્નેનું લક્ષ્ય એક જ હતું: દેશકલ્યાણ.

## પ્રકરણ. ૫.

"ઉદ્દામ મનોવલણ વ્યક્ત કરતી ૧૯મી સદીની કેટલીક કૃતિઓ. રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણમાં પ્રમાણમાં ઉદ્દામ વલણ અખત્યાર કરનાર કવિઓનું એક નાનું જૂથ ૧૯મી સદીના વિનીતમતવાદી કવિઓન સમૂહમાં જુદું દેખાઇ આવે છે. અંગ્રેજ અમલની કડક નિર્ભીક ટીકાઓ કરત કરતા આ લેખકો વચ્ચે ક્વચિત્ અંગ્રેજ પ્રશંસા કરી લઇને સત્યને વ્યવહારૂતાનો ઓપ ચડાવી લે છે. અંગ્રેજ અમલની એમણે કરેલી કેટલીક માર્મિક ટીકાઓ રસપ્રદ વાચન પૂરું પાડે છે.

## પ્રકરણ. ૬.

"કવિતારૂપે રચાયેલી ઇતિહાસ કૃતિઓ, સંસારસુધારાકાળની કવિતા": ગદ્યના મંડાણનો પ્રારંભ થયો હોવા છતાં પ્રજાની ગાંખ ૧૯મ સદીમાં વારે વારે ઠરે છે પદ્ય ઉપર. એ સ્થિતિમાં, કવિતામાં રચાયેલ કેટલોક ઇતિહાસકૃતિઓ વાંચવા મળે એમાં આશ્ચર્યનથી. નર્મદયુગની ઘણી કૃતિઓમાં દેખાતી હિંદુત્વનિષ્ઠા ઐતિહાસિક ભૂમિકામાં એને ગોઠવીને જોતાં સ્વભાવિક લાગે છે. અલબત્ત એ હિંદુતામાં કોઇ સંકુચિત ઝનૂન નથી.

સમાજસુધારણા વ્દારા દેશકલ્યાણ કરવાનો નવલરામ પંડયાની વૃત્તિ એમની કાવ્યકૃતિઓમાં જણાઇ આવે છે....બુલાખીરામ, શિવલાલ ધનેશ્વર ઇ.ની રચનાઓનો થીસિસના વિષયની દૃષ્ટિએ આ પ્રકરણમાં વિચાર કર્યો છે.

## પ્રકરણ: ૭:

"સંસારસુધારાકાળના અન્ય કવિઓ": સંસારસુધારાકાળનો ભાગ્યે જ એવો કોઇ કવિ હશે જેણે દેશકલ્યાણની મનકામના એની કવિતામાં સેવી ન હોય. હુન્નરઉદ્યોગોના પ્રવેશ દ્વારા દેશને આર્થિક સ્વાવલંબન અર્પવું, દેશના નાણાને પરદેશ જતું અટકાવવું, વિદ્યાવિસ્તાર કરવો, ભારતની સમગ્ર પ્રજામાં ઐકયની લાગણીને દૃઢીભૂત કરવી, ઇ. મનોરથો રૂપે એમની રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટ થતી જણાય છે.

## પ્રકરણ: ૮ :

"હુલ્લડો વિષયક કૃતિઓ; વ્યકિતવિશેષ વિશેનાં કાવ્યો", મુસ્લીમ-પારસી વચ્ચે અને હિંદુ-મુસ્લીમ વચ્ચે થયેલાં હુલ્લડો તથા સૂરત રાયટ વિશે રચાયેલી કૃતિઓ અંગે થીસિસના વિષયની દૃષ્ટિએ અહીં વિચાર કરવામાં આવેલો છે. પ્રસ્તુત કૃતિઓમાં પ્રજાનાં દુ:ખદર્દને વાચા આપવામાં આવેલી છે.

કેટલાક પારસી પત્રકારોએ રાજ્યભકિત તેમ દેશભકિતની કવિતા રચેલી છે.

વડોદરાના અંગ્રેજ સરકાર દ્વારા પદભ્રષ્ટ કરાયેલા ગાયકવાડ મલ્હારરાવ, રાણી વિકટોરિયા, લોર્ડ રિપન, દાદાભાઇ જેવી વ્યકિતઓ વિશે રચાયેલાં કાવ્યોનો ઉલ્લેખ પણ આ પ્રકરણમાં થયેલો છે. રાણી વિકટોરિયા વિશે તો એક સળંગ કાવ્યપ્રવાહ જોવા મળે છે.

ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપનાએ પ્રજાના શિક્ષિતજનોમાં ભારે ઉત્સાહ જન્માવ્યો હતો. ૧૯મી સદીમાં કોંગ્રેસ વિશે રચાયેલાં કાવ્યોમાં એના કવિઓને રાજ્યહિત તથા પ્રજાહિતનું એકત્વ પ્રતીત થયેલું દેખાય છે.

## પ્રકરણ: ૯:

"પંડિતયુગની કવિતા": સંસારસુધારાકાળની કવિતા કરતાં પંડિતયુગની ૧૯મી સદીની કવિતામાં સુઘડતા ને શિષ્ટતા વિશેષ જણાય છે. એ સિવાય, રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણમાં આ કવિતા સંસારસુધારાકાળની કવિતાથી તત્ત્વતઃ જુદી પડતી નથી. જેના ઉપર રાજ્યદ્રોહનો આરોપ મૂકાયો હતો તે મલબારીની દેશપ્રીતિની કવિતા વિશે અહીં ચર્ચા કરવામાં આવેલી છે.

## પ્રકરણ: ૧૦:

"હરિલાલ હર્ષદરાય ધ્રુવ": "કુંજવિહાર" (૧૮૯૫) તથા "પ્રવાસપુષ્પાંજલિ" (૧૯૦૯) ના કવિ ની કવિતામાં "આપણા જાગ્રત થતા જતા તથા વિકસતા જતા રાજકીય જીવનનું પ્રથમ ગાન" મળે છે. લોર્ડ રિપને અર્પેલા સ્થાનિક સ્વરાજ્યને ઉત્સાહ સાથે આવકારનાર કવિવૈતાલિક હ. હ. ધ્રુવ છે. કોંગ્રેસ અંગેનાં ગીતો પણ એમણે રચ્યાં છે.

## પ્રકરણ: ૧૧:

"ન્હાનાલાલ તથા બળવંતરાય ઠાકોર": ન્હાનાલાલની રાષ્ટ્રીય અસ્મિતા ભારત માટેના સાંસ્કૃતિક ગૌરવ રૂપે મુખ્યત્વે પ્રગટ થયેલી છે. એને કવિની સાંસ્કૃતિક રાષ્ટ્રીયતા કહી શકાય. રાષ્ટ્રપ્રીતિ અને કાવ્યસૌંદર્યની વિરલ એવી સંલગ્નતા ન્હાનાલાલની કવિતામાં જોવા મળે છે. કવિની ~~દ્રષ્ટિ~~ દૃષ્ટિ ગુજરાત કે ભારતની સીમાઓમાંજ સીમિત નથી રહેતી. કવિની દૃષ્ટિ વિશાળ વિશ્વને આવરે છે

તથા ગોત્રસ્પાસ-સંસ્કૃતિસમન્વયને ઝંખે છે.

ઠાકોરમાં આર્યસંસ્કૃતિના અતીતનું કેવળ ગૌરવ કરવાની પોચટ મુગ્ધ દૃષ્ટિ નથી. આર્યસંસ્કૃતિની મર્યાદાઓનું વર્તમાનમાં શોધન કરવાની એમની ભાવના છે. ગાંધીજીની રાજકીય પ્રવૃત્તિ સાથે ઠાકોરને મતભેદ હતો, પણ એથી પ્રજા તરફની એમની વિશાળ સહાનુભૂતિમાં એ ઉણા પડતા નથી. સ્વબુધ્ધિનિષ્ઠા તથા ગતાનુગતિકતાથી પર રહેવાનું ઠાકોરનું વલણ એમની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં પ્રગટેલ છે. ~~એમનાં સિવાય રહેતાં નથી.~~

થીસિસના વિષયની દૃષ્ટિએ ન્હાનાલાલ તથા બળવંતરાયની કવિતાની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવેલી છે.

## પ્રકરણ: ૧૨:

"ખબરદાર તથા પંડિતયુગના કેટલાક કવિઓ": ખબરદારની કવિતાપ્રવૃત્તિનું "એક સૌથી તેજસ્વી પાસું" દેશપ્રીતિનાં એમનાં કાવ્યો છે. "નર્મદની સ્વદેશભક્તિની માળ, જે હરિ હર્ષદ ધ્રુવ પછી, રા. ખબરદારને કંઠે જેવી ઉતરી છે તેવી અન્ય કોઇ કવિને કંઠે ઉતરી નથી." ગુજરાત પ્રીતિ તથા રાષ્ટ્રપ્રીતિનાં કાવ્યો આપણે ત્યાં કદાચ ખબરદારે જ સૌથી વધુ સંખ્યામાં રચ્યાં છે.

પંડિતયુગના કેટલાક ગૌણ કવિઓની કવિતાની અહીં નોંધ લેવાઇ છે. એમાંના કેટલાકે આ વિષયની સ્મરણીય કહી શકાય તેવી કૃતિઓ રચેલી છે.

પંડિતયુગના કેટલાક નોંધપાત્ર કવિઓ - બોટાદકર, ત્રિભુવન વ્યાસ, કે. હ. શેઠ, લલિત, દેશળજી પરમાર-ઇ. ની કવિતાની આ પ્રકરણમાં ચર્ચા થયેલી છે. આમાંના છેલ્લા ચાર કવિઓનાં સર્જનનાં મૂળ પંડિતયુગમાં રહ્યાં છે એટલું જ, એ સૌ પ્રભાવિત થયા છે ગાંધીયુગની જીવનદૃષ્ટિથી. ગાંધીયુગના આગમન સુધીની કવિતામાં ઉદ્દામોના રાજકીય વિચારોનું

બહુ ઓછું આકર્ષણ ગુજરાતી કવિઓએ અનુભવ્યું છે. બંગભંગ જેવો રાષ્ટ્ર-પ્રક્ષોભક પ્રસંગ ગુજરાતી કવિતામાં પ્રત્યક્ષ કે પ્રબળ પ્રભાવ પાડી શક્યો નથી.

## પ્રકરણ: ૧૩:

"ગાંધીયુગ, મેઘાણી અને અન્ય કવિઓ": ૧૯૨૦માં લોકમાન્ય ટિળકનું અવસાન થયું. ભારતના ઇતિહાસનો એક મહત્ત્વનો તબક્કો જાણે કે એ સાલથી પૂરો થયો. એ પછી જેમ ભારતમાં તેમ ગુજરાતી સાહિત્યમાં — ગાંધીયુગની શરૂઆત થઇ. અહિંસાત્મક સત્યાગ્રહની લડતમાં શ્રધ્ધા, ગાંધીજી તરફ પૂજ્યભાવ, દલિતપ્રેમ, હિન્દુ-મુસ્લીમ એકતા સ્થાપિત કરવાનો મનોભાવ, જોશીલી દેશપ્રીતિ, જીવનની નિશ્ચેષ્ટતા સામેની અકળામણ, વિશ્વબંધુત્વ ઇ.ના પડઘાઓરૂપે ગાંધીયુગના કવિની રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટ થતી જોઇ શકાય છે.

## પ્રકરણ: ૧૪:

"સુન્દરમ — ઉમાશંકર : ગાંધીયુગની કવિતા": સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે દેશે માંડેલા પુરુષાર્થયજ્ઞના ટાણાને પ્રસ્તુત બન્ને કવિઓએ ઊંચી કોટિના કાવ્યોમાં મૂર્ત કરેલ છે. દેશ તરફની ઉષ્માયુક્ત ઉત્કટ પ્રીતિને કલા-સંયમપૂર્વક બન્ને કવિઓએ આવિષ્કૃત કરેલ છે. આ કલાસંયમને કારણે દેશપ્રતિની ઉત્કટતા અળપાઇ જતી નથી.

ગાંધીયુગના કવિની એક આંખ રાષ્ટ્ર ઉપર તો બીજી આંખ વિશ્વ ઉપર મંડાયેલી છે. એનો રાષ્ટ્રવાદ ઝનૂની તથા "માય નેશન, રાઇટ ઓર રોંગ" જેવો સંકુચિત અને પરપીડક નથી બન્યો. ઠાકોરે જેની સામે ચેતવણી ઉચ્ચારી છે એવાં દ્વેષોત્થ, દ્વેષનીગળતાં, દ્વેષફેલાવવાની ઉમેદવાળાં ગાંધીયુગનાં રાષ્ટ્રીય અસ્મિતાનાં કાવ્યો નથી બન્યાં.

## પ્રકરણ: ૧૫:

"પુજાલાલ તથા અન્ય કવિઓ; ઉપસંહાર": પૂજાલાલ સમ્યગ્દૃષ્ટિએ ગાંધીયુગના કવિ ખરા, પણ એમને આપણે ગાંધીજીની જીવનદૃષ્ટિથી પ્રભાવિત થયેલા કવિ નહિ કહી શકીએ.

ગોવિંદસ્વામીની કવિતામાં હિંસાત્મક ક્રાંતિમાં શ્રધ્ધા દેખાય છે.

જે દિવસની ચિરકાળથી રાહ જોવાતી હતી તે ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે આવી તો પહોંચ્યો, પણ દેશના અંગવિચ્છેદની વેદના સાથે આવેલો હોવાથી કવિનો એને વધાવવાનો ઉમળકો મોળો પડી ગયો છે. ઝંખ્યું હતું શું અને પ્રાપ્ત કર્યું શું એની વિમાસણમાં કવિ ડઘાઇ ગયો હોય એવું દેખાય છે.

## પ્રકરણ: ૧૬:

"ગાંધીવંદના તથા દલિતપ્રેમ": ગાંધીજીને કોઇ એક વ્યક્તિ તરીકે નહિ, પણ રાષ્ટ્રનાં અંગાંગમાં વ્યાપી ગયેલી એક મહાન શક્તિરૂપે ગુજરાતી કવિએ નિહાળેલ છે.

સમાજના એક ઉપેક્ષિત વર્ગ તરફ દલિતપ્રીતિનાં કાવ્યોમાં સહાનુભૂતિ પ્રગટ કરવામાં આવેલી છે; એ રીતે પ્રસ્તુત કાવ્યોને રાષ્ટ્રીયઅસ્મિતાનાં કાવ્યો કહી શકાય. ગાંધીજીની જીવનદૃષ્ટિ તથા સમાજવાદી વિચારસરણિ, ઉભયનું આકર્ષણ ગાંધીયુગના કવિએ અનુભવ્યું છે.

## પ્રકરણ: ૧૭:

"ગુજરાતપ્રીતિનાં કાવ્યો": દેશપ્રીતિનો કેટલીકવાર

સ્થાનિક કે પ્રાદેશિક ("રીજીઓનલ") આવિષ્કાર થતો હોય છે. એ આવિષ્કારને પ્રાંતીય (પેરોકીઅલ" ના અર્થમાં "પ્રોવિન્શીયલ") ગણવાની જરૂરત નથી. સ્વસ્થ પ્રાદેશિકતા એ રાષ્ટ્રીયતાનો મૂલાધાર છે. ગુર્જરપ્રશસ્તિનાં કાવ્યોમાં પ્રગટ થયેલી પ્રાદેશિકપ્રીતિની લાક્ષણિકતા એ છે કે સમગ્ર ભારત માટેની પ્રીતિમાં એ બાધક નથી બનતી; વાસ્તવમાં, સારા દેશ માટેના પ્રેમભાવને એ પરિપુષ્ટ કરે છે.

## પરિશિષ્ટ: ૧:

"રંગભૂમિનાં ગીતોમાં સ્વદેશપ્રેમ": દેશમાં અખંડ સ્વરૂપની જાગૃતિ પ્રગટેલી હોય ત્યારે ધંધાદારી રંગભૂમિ એનાથી અસ્પૃષ્ટ કેમ રહી શકે ? સો વર્ષની અર્વાચીન કવિતામાં ભૂત-વર્તમાન વચ્ચેના વૈષમ્યનું નિરૂપણ કરી વિષાદ અથવા વીરત્વ પ્રગટાવવાનો દેખાતો ઉપક્રમ રંગભૂમિનાં ગીતોમાં પણ સ્વીકારવામાં આવ્યો છે.

## પરિશિષ્ટ: ૨:

"સ્વદેશભક્તિનાં કાવ્યોના પ્રકીર્ણ સંગ્રહો": રાષ્ટ્રપ્રીતિનાં મોજાંઓ ઉપર આપણું દેશજીવન જ્યારે ઊંચકાયેલું હોય ત્યારે એ પ્રીતિનાં વિવિધ રીતે આવિષ્કરણો થયાં કરે તે દેખીતું છે. હજારોની સંખ્યામાં એક કાળે છપતી દેશભક્તિનાં કાવ્યોની પુસ્તિકાઓમાં પ્રસિદ્ધ, અર્ધપ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ - સર્વ પ્રકારના લેખકોનાં ગીતો સંગ્રહાયાં છે. આમાંનાં ઘણાં ગીતો લોકકંઠે રમતાં હતાં. આઝાદીની લડતના જુસ્સાને બઢાવવામાં એ ગીતોએ પણ ફાળો આપ્યો છે.

રિ. દા. [illegible]

o-o-o-o-o-o